મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૪ ટકા

ગાંધીનગર તાપમાન

પિઝ્ઝામાં કીડા

# કુડાસણમાં પિત્ઝા ખાધા બાદ જીવાત નીકળી

## કુડાસણમાં આવેલી પિત્ઝા હટમાં ફ્રેન્ડશીપ ડે ના દિવસે પિત્ઝા ખાવાનું બે મિત્રને ભારે પડ્યું : ટેબલ પર મુકવામાં આવેલી ખાલી પ્લેટમાં અઢળક મચ્છરો હતા





ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની આરોગ્ય શાખાની નિષ્ક્રિયતા વચ્ચે કુડાસણમાં આવેલી પિત્ઝા હટમાં ફ્રેન્ડશિપ ડે ના દિવસે પિત્ઝા ખાવાનું બે મિત્રને ભારે પડી ગયું છે. બિન આરોગ્યપ્રદ જીવાતવાળા પિત્ઝા ખાધા પછી અચાનક એક યુવાનની તબિયત લથડતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ થવાની નોબત આવી છે. ત્યારે પિત્ઝામાં જીવાત-કીડા હોવાની ફરિયાદ કરતાં મેનેજર લાજવાને બદલે ગાજ્યો હોવાના પણ આક્ષેપ યુવાનો દ્વારા કરવામાં આવ્યા છે.

પાટનગરમાં ન્યુ ગાંધીનગરનાં કુડાસણ, રાયસણ, સરગાસણ અને પીડીપીયુ વિસ્તારમાં અઢળક હોટલો અને ખાણી-પીણીની લારીઓ ધમધમતી રહી છે. જોકે તહેવાર ટાણે જ નામ પુરતી કાર્યવાહી કરતી મનપાની આરોગ્ય શાખાની નિષ્ક્રિયતા વચ્ચે નગરજનો બિનઆરોગ્યપ્રદ ખોરાક આરોગી રહ્યા હોય એવું ચિત્ર ઉપસી આવ્યુ છે. કુડાસણમાં આવેલી પિત્ઝા હટમાં ફ્રેન્ડશીપ ડે ના દિવસે પિત્ઝા ખાધા પછી એક યુવાનની તબિયત લથડતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ થવાની નોબત આવી છે. ટેબલ પર મુકવામાં આવેલી ખાલી પ્લેટમાં અઢળક મચ્છરો-જીવાત મરેલી હાલતમાં જોવા મળ્યા હતાં. આ મામલે ફરિયાદ કરતાં વેઈટર આવીને પ્લેટ બદલી ગયો હતો. બાદમાં બંને મિત્રો વાતચીત કરતાં કરતાં પિત્ઝા ખાવા લાગ્યા હતા અને મોટા ભાગના પિત્ઝા ખતમ થવા આવ્યા ત્યારે અચાનક પિત્ઝામાં કીડા હોવાનું માલુમ પડ્યું હતું. આ જોઈને તેઓ ચોંકી ઉઠ્યા હતા કેમકે જીવાતવાળા પિત્ઝા ખાઈ ચુક્યા હતા. આ મામલે ફરિયાદ કરતાં પિત્ઝા હટનો વેઈટર આવીને માફી માગવા લાગ્યો હતો અને ફ્રી ઓર્ડર આપવાની લોભામણી ઓફર કરીને આગળ વધુ કશું નહિ કરવા લાગ્યા હતા. જોકે આવો અનુભવ અગાઉ પણ થઈ ચૂક્યો હોવાથી તેમણે પિત્ઝા હટના કસ્ટમર કેર તેમજ ઈમેલ મારફત પણ ફરિયાદ કરી હતી. આ અંગે હોસ્પિટલમાં દાખલ હિમાંશુએ જણાવ્યું હતું કે કુડાસણની પિત્ઝા હટમાં પિત્ઝામાંથી જીવાત-કીડા નીકળ્યા હતા. જ્યારે પ્લેટોમાં પણ પુષ્કળ મચ્છરો-જીવાત મરેલી હાલતમાં હતા. અહીંથી નીકળીને ઘરે ગયા પછી અચાનક ઝાડા-ઉલટી થઈ ગયા હતા. રાત્રે જેમ તેમ કરીને ચલાવી લીધું પણ સવાર પડતાં તબિયત વધુ બગડતાં ખાનગી હોસ્પિટલમાં દાખલ થવાની ફરજ પડી છે. આ પહેલાં પણ પિત્ઝામાંથી જીવાત નીકળઈ હતી એ વખતે બહુ ધ્યાન આપ્યું નહોતુ. આ વખતે જીવાતવાળા પિત્ઝા ખાવાના લીધે હિમાંશુને ઝાડા-ઉલટી થઈ ગયાં જેથી આવી જાણીતી હોટલો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. ઉલ્લેખનીય છે કે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં રાયસણ, પીડીપીયુ રોડ, કુડાસણ સહિતના વિસ્તારોમાં હોટલો-લારીઓ પર બિનઆરોગ્યપ્રદ નોનવેજ પણ છૂટથી વેચાણ થઈ રહ્યું હોવાની પણ વ્યાપક બુમરાણ ઉઠતી હોવા છતાં આરોગ્ય શાખા ગાઢ નિંદ્રામાં પોઢી રહ્યું છે. ચોમાસાની મોસમમાં શહેરીજનોએ પણ બહારનું ખાવાનું ટાળવું જોઈએ.

## ઈન્ફોસીટી સ્કૂલમાં શારીરિક અને માનસિક સ્વસ્થ રહેવા કાર્યક્રમ



ઈન્ફોસીટી સ્કૂલમાં તા. ૧૦-૮-૨૨ને બુધવારના રોજ શારીરિક અને માનસિક રીતે કેવી રીતે સ્વસ્થ રહેવું તે અંગેનો પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામ મહેન્દ્રકુમાર એસ. પટેલ કે જેઓ સચિવાલય, ગાંધીનગર ખાતે પોતાની સેવા બજાવીને નિવૃત્તિ લીધેલી છે. એમને વિદ્યાર્થીઓને જીવનમાં કેવી રીતે સફળતા પ્રાપ્ત કરવી, જીવનમાં કેવી રીતે સફળતાથી આગળ વધવું તેમજ ઓમકારા વિશેની ખૂબ જ દિલચસ્પ બાબતો વિદ્યાર્થીઓને જણાવી હતી. આ ઉપરાંત યોગા આપણાં જીવનમાં કેટલા મહત્વપૂર્ણ છે તેની પણ ખૂબ સરસ માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.

આ સંપૂર્ણ કાર્યક્રમ ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ પ્રવિણા મેડમના નેતૃત્વ હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં અમારી શાળાના પ્રમુખ વૈષ્ણવસર પણ હાજર રહ્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ મંદિર સે. ૨ ખાતે ૨૭મી સુધી હિંડોળા દર્શન



ગાંધીનગર, તા. ૧૦

શ્રી નરનારાયણદેવ મહિલા મંડળની ૫૦ બહેનોએ બે દિવસ સતત સેવા કરી સર્વે દેવોને ફુલ તેમજ ટગરની કળીઓના કલાત્મક વાઘા ધરાવવામાં આવ્યા હતા. હિંડોળા પ્રદર્શની તા. ૨૭-૮-૨૨ સુધી સમય સવારે ૮ થી ૧૨ અને સાંજે ૪ થી ૮ સુધી ચાલુ રહેવાની છે તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી



ગાંધીનગર, તા.૧૦

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ના નાનકડા ભૂલકાઓએ એસ.પી. ઓફિસથી આવેલ પોલીસ ઓફિસરોને રાખડી બાંધી હતી. અને ભગવાન પાસે તેમને સ્વસ્થ રાખે અને લાંબી આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. વિદ્યાર્થીઓએ કુમકુમ તિલક કરી, અક્ષત તથા આરતી ઉતારી તેમને રાખડી બાંધી હતી. દરેક પોલીસ ઓફિસર્સ ખૂબ જ પ્રભાવિત થઈ ગયા હતા. ત્યારબાદ અપર પ્રાઈમરી ના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કરી અને દરેક વૃક્ષોને રાખડી બાંધી હતી. દરેક વિદ્યાર્થીઓએ એક એક વૃક્ષને એડોપ્ટ કરી અને વધુ વૃક્ષો વાવી તેનું રક્ષણ કરી તેનું જતન કરીશું તેવી પ્રતિજ્ઞા પણ લીધી હતી. ત્યારબાદ વિદ્યાર્થીની બહેનોએ શાળાના વિદ્યાર્થી ભાઈઓને રાખડી બાંધી અને તેમને આશીર્વાદ આપ્યા હતા.

તો આમ, વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં રક્ષાબંધન પર્વ ની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી અને દરેક પોલીસ ઓફિસર્સ એ ખુબ જ સહકાર આપ્યો હતો. શાળા પરિવાર વતી તેઓશ્રીનો આભાર માનવામાં આવ્યો હતો.

## શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી



શ્રીમતી. આર. એન પટેલ પ્રાથમિક શાળામાંથી સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિ ના ભાગરૂપે ધોરણ-૩ ના ૧૦૫ વિદ્યાર્થીઓ અને ચાર શિક્ષકોએ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી. ઈન્દ્રોડા પાર્ક ના અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને પ્રાણી-પક્ષીની સ્વચ્છતા અને જાળવણીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોએ ડાયનાસોરના જીવાવશેષ કુતુહલતાપૂર્વક નિહાળ્યા. ત્યારબાદ બાળકોને સરિતા ઉદ્યાનમાં લઈ ગયા ત્યાં ચાર દીવાલોની બહાર કુદરતી વાતાવરણનો આનંદ મળ્યો તેમજ જુદી જુદી રાઈડ્સ અને રમતોના સાધનોની મજા માણી. આ મુલાકાતથી વિદ્યાર્થીઓ ને પ્રકૃતિ પ્રેમ અને પર્યાવરણની જાળવણી તથા સ્વચ્છતા લક્ષી પાઠ શીખવા મળ્યો.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં વન ડે પિકનીક અને રક્ષાબંધનની ઉજવણી



ગાંધીનગર, તા. ૧૦

સાર્વ. પ્રાથમિક વિદ્યાલયમાં ૧ થી ૮ ધોરણનું પીકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાર્ડન લઈ જઈને રક્ષાબંધનની ઉજવણી કરી હતી. તેમાં શાળાના લગભગ ૪૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અંજનાબેને આયોજન સાથે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આયોજક બહેનો ચૌધરી રમીલાબેન, ચૌધરી ચંદ્રિકાબેન, ચૌધરી ક્રિષ્ણાબેન, ચૌધરી મંજુલાબેને કર્યુ હતુ.



સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ભાઈ બહેનનાં પવિત્ર પર્વ રક્ષાબંધન ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીનીઓ વિદ્યાર્થીઓએને રાખડી બાંધી હતી અને વિદ્યાર્થીઓએ તેમને ચોકલેટ, પેન વિગેરે વસ્તુઓ ભેટમાં આપી હતી.

## આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં હર ઘર તિરંગા અને કલા મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૦



આર.સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલમાં ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ કલા મહોત્સવમાં જોડાયા હતા. આ સ્પર્ધામાં રંગોળી સ્પર્ધામાં પટેલ વિશ્વા આર. પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો તેમજ ભારતના રાષ્ટ્રધ્વજની વિકાસયાત્રા સ્પર્ધામાં પટેલ ભવ્યા એમ. પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. તેમજ તિરંગા બનાવાવની સ્પર્ધામાં પટેલ ધીમહિ એચ. દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો અને દેશભક્તિ ગીત સ્પર્ધામાં ગઢવી હિત એચ. તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો.

## સિમ્બર સમવાય બ્રહ્મસમાજ દ્વારા આજે શ્રાવણીની ઉજવણી

ગાંધીનગર, તા.૧૦

શ્રી સિમ્બર સમવાય ઔદિચ્ય બ્રહ્મસમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણી પર્વની ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૧૧ ઓગસ્ટના રોજ સે-૭ સરકારી કોમ્યુનીટી હોલ ખાતે સદાનંદ મહેતા અને લલીત મહેતા દ્વારા સવારે ૮.૩૦ કલાકથી ઉપનયન બદલવાની વિધી કરાવવામાં આવશે. જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન પણ મહાનુભાવોના હસ્તે કરાશે. જયારે બપોરે જ્ઞાતિની વાર્ષિક સાધારણ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં હિસાબોનું વાંચન, દાતાઓનું સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવશે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.ગઢવી જીલુદાન જબરસંગ, ઉ.વ.૬૬, વાવોલ
- સ્વ.સુતરિયા હાર્દિક ચંદ્રકાંત, ઉ.વ.૩૭, વાસણા હડમતીયા
- સ્વ.શેલત કૌશલકુમાર રાજેન્દ્રભાઈ, ઉ.વ.૩૫, સેકટર-૨૭
- સ્વ.ચાંપાનેરી સતીશ વાલજીભાઈ, ઉ.વ.૫૨, વાવોલ
- સ્વ.દંતાણી કાન્તાબેન આત્મારામ, ઉ.વ.૬૦, સેકટર-૩૦
- સ્વ.રાઠોડ બાબુભાઈ પ્રતાપભાઈ, ઉ.વ.૫૬, આલમપુર

● રૂદ્રભુમિ ●

- સ્વ.બક્ષી નિરંજનાબેન ચંદ્રમૂર્તિ, ઉ.વ.૯૪, સરગાસણ

## જન્મદિને વધામણી



નાયી કાન્તિલાલ શકરાલાલ
એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩



જતીશ ટાટરીયા
મો. ૯૮૨૪૦ ૪૧૭૧૨



દિલીપ ગજ્જર
સહાયક માહિતી નિયામક
સમાચાર શાખા



જયપ્રકાશ ભટ્ટ
ટ્રસ્ટી-એએસકે ભાવનગર હાટકેશ્વર મહાદેવ, નાનીબોરૂ



કાવ્યા હડિયા



દર્શિલ ભરતકુમાર વાઘેલા
મો. ૯૯૭૪૪ ૦૪૮૧



દિવ્યાની ઈલેશકુમાર વાઘેલા



મિસ્ત્રી ઉષાબેન દશરથભાઈ
રેડક્રોસ ગાંધીનગર



રૂદ્રકુમાર રીન્કેશભાઈ પરમાર
મો.૯૯૧૩૫ ૯૮૯૭૪